# સારા પિતા

**– એમ.લક્ષ્મીનારાયણ**

એક દિવસ સાંજે, લક્ષ્મીકાંત પોતાના બંને છોકરાઓને લઈને શહેરમાં ગયો કારણ કે તે બંનેને ''પાણી–પૂરી'' ખાવી હતી. પછી તે તેમને ખરીદી કરવા લઈ ગયો અને લગભગ સાડા દસ વાગ્યે તેઓ ઘરે જવા નીકળ્યા. થોડે દૂર જઈને તેમની મોટર સાઈકલનું પાછલું વ્હીલ પંચર થઈ ગયું અને તે ત્યાંજ થોભી ગઈ. લક્ષ્મીકાંતને ચિંતા થઈ અને તે વિચારવા લાગ્યો કે હે ભગવાન બાળકોને હવે દસ કિલોમીટર પગપાળા કેવી રીતે લઈ જઈશ. મનમાં એમ વિચારતો અને બાળકોને લઈને મોટર સાઈકલ ખેંચતો જ્યારે તે જઈ રહ્યો હતો ત્યારે જ તેને એક મોટર સાઈકલ સુધારનારની દુકાન દેખાઈ. તેણે મિકૅનિકને ઝડપથી પોતાની ગાડી જોઈ લેવાની વિનંતી કરતા, પાછલા વ્હીલમાં પંચર થયું છે એમ કહ્યું. પરંતુ મિકૅનિકે વિચાર્યું કે આવા સમયે આની પાસેથી વધારે પૈસા પડાવવા જોઈએ. લક્ષ્મીકાંત અને બાળકોને દુકાનમાં બેસવાની જગ્યા મળી ગઈ. જ્યારે તેઓ બેઠા હતા ત્યારે મિકેનિકે પાછલા વ્હીલને ખોલીને ટ્યૂબ–ટાયર કાઢ્યા. જે સાવ બેકાર થઈ ગયા હતા. તેણે લક્ષ્મીકાંતને ટ્યૂબ બતાવતા કહ્યું, ''સાહેબ, જોડવાથી કામ નહીં ચાલે. ટ્યૂબ બદલવી પડશે.''

લક્ષ્મીકાંત સમજી ગયો કે હવે બીજો કોઈ વિકલ્પ નથી. તેથી તેણે કહ્યું – ''તો ઠીક છે. નવી ટ્યૂબના કેટલા પૈસા થશે તે બતાવ.''

''સાહેબ, જો કોઈ સારી કંપનીની ટ્યૂબ લગડાવશો તો બસો રૂપિયા થશે. અને ત્રીસ રૂપિયા લગાડવાના થશે. કુલ બસો ત્રીસ રૂપિયા આપવા પડશે.''

ઘણી રાત થઈ ગઈ હતી. લક્ષ્મીકાંતને તે જ ગાડી લઈને બીજા દિવસે કામે પણ જવાનું હતું. તેથી તેને લાગ્યું કે હમણાં જ નવી ટ્યૂબ નખાવી લેવી સારી રહેશે. તેણે કહ્યું,

''ઠીક છે. તને વધારે ખબર પડે કારણ કે તને આ બધા કામનો સારો અનુભવ છે, તો તને જે યોગ્ય લાગે તે કરી આપ.''

પછી તેણે પોતાનું પર્સ ખોલ્યું અને જોયું. બાળકો માટે ખરીદી કર્યા પછી તેની પાસે માત્ર સો રૂપિયા જ વધ્યા હતા. તેણે મિકૅનિકને પૂછ્યું કે આસપાસ કોઈ એ.ટી.એમ. હશે ? એ.ટી.એમ. થી પૈસા કાઢીને તે લગભગ વીસ મિનિટ પછી પાછો ફર્યો. મિકૅનિકે પોતાનું કામ પૂર્ણ કરી લીધું હતું અને તેની મોટર સાયકલ તૈયાર હતી. ''સાહેબ, તમારી ગાડી તૈયાર છે, તમે લઈ જઈ શકો છો''મિકૅનિકે કહ્યું. તેણે મિકેનિકને પાંચસોની નોટ આપી અને મિકૅનિકે તે નોટ લઈ બાકી વધેલા પૈસા પરત કર્યા.



''તારું મહેનતાણું મળીને તે કેટલા પૈસા લીધા ?'' લક્ષ્મીકાંતે છુટ્ટા પૈસા ગણતાં પૂછ્યું. મિકૅનિકે અચકાયા વગર જવાબ આપ્યો, ''બસો ત્રીસ રૂપિયા, સાહેબ''

ત્યારે લક્ષ્મીકાંતે તેને સમજાવતાં કહ્યું, ''મેં તને પાંચસોની નોટ આપી. જો તારી મહેનતનાં મળીને બસો ત્રીસ થયા તો તારે મને બસો સીત્તેર પાછા આપવા જોઈએ. તેં મને ત્રણસો સીત્તેર પાછા આપી દીધા. તેં ભૂલથી મને એક સોની નોટ વધારે આપી દીધી,'' અને એમ કહીને ઈમાનદારીથી મિકૅનિકને સો રૂપિયાની નોટ પાછી આપી દીધી.

તેની પ્રામાણિકતા જોઈને મિકૅનિક અવાક્ રહી ગયો. સોની નોટ લઈને તેણે ધીમેથી તેનો આભાર માન્યો.

લક્ષ્મીકાંતે કહ્યું, ''તમે બધા મહેનત કરનારા લોકો છો. આનાથી તારું મોટું નુકસાન થઈ જાત એ જાણવા છતાં હું આ નોટ ચુપચાપ રાખી લેત તો ભગવાન મને મોટી મુશ્કેલીમાં મૂકી દેત. માણસે પોતાના કર્મોનું ફળ અહીં જ ભોગવવું પડે છે. મારો તો વિશ્વાસ છે કે જ્યાં સુધી આપણે પ્રમાણિક રહીએ ત્યાં સુધી આપણી સાથે બધુ સારું જ થાય છે.''

આ સાંભળીને મિકૅનિકની આંખમાં આંસુઓની નમી આવી ગઈ. લક્ષ્મીકાંત ગાડી ચાલુ જ કરવાનો હતો એટલામાં તે બોલ્યો, ''સાહેબ, કૃપા કરીને એક મિનિટ ઊભા રહો. જો તમે ખોટું ન લગાડો તો, પાંચ મિનિટ અહીં બેસશો ?'' લક્ષ્મીકાંત મિકેનિકનો અભિપ્રાય સમજી ન શક્યો. તેણે કહ્યું, ''ઠીક છે, ભાઈ !''

મિકૅનિકે જલ્દીથી લક્ષ્મીકાંતની મોટર સાઈકલનું પાછલું વ્હીલ ખોલ્યું અને જે ટ્યૂબ તેમાં નાખી હતી તે કાઢી લીધી. પછી તેણે એક નવી ટ્યૂબ નાખીને ટાયરમાં હવા ભરી અને થોડી જ મિનિટમાં વાહન તૈયાર કરીને લક્ષ્મીકાંતને આપી દીધું.

પછી તેણે કહ્યું, ''સાહેબ, તમે પ્રામાણિકતાથી મને સોની નોટ પાછી આપી, જે મેં તમને ભૂલથી આપી દીધી હતી, એ વિચારીને કે મને નુકસાન થશે. બીજી બાજુ મેં તમને સારી કંપનીની બતાવીને હલ્કી ટ્યૂબ ગાડીમાં નાખી દીધી. પરંતુ તમે જે કર્યું અને કહ્યું તે પછી પણ હું જો તમારી સાથે દગો કરું તો મને મારી અંતરાત્મા શાંતિથી રહેવા ન દેત. સાહેબ મને માફ કરી દો. આજ પછી મેં ધારી લીધું કે હવેથી હું આવી ચાલબાજી નહીં કરું. સાહેબ હવેથી હું નિશ્ચય કરુ છું કે હું પ્રામાણિક જ રહીશ.'' મિકેનિકને આ રીતે ગંભીરતાપૂર્વક ક્ષમા–યાચના કરતો જોઈ લક્ષ્મીકાંતને આશ્ચર્ય થયું. તેનામાં થયેલા આ પરિવર્તનને જોઈને લક્ષ્મીકાંતને ખૂબ ખુશી થઈ અને મિકેનિકનો ખભો થપથપાવતા તેણે તેની પાસેથી વિદાય લીધી.

લક્ષ્મીકાંત એ વિચારીને ખુશ હતો કે આ અનુભવથી સદાચારનો એક સારો પાઠ બાળકોને પણ મળી ગયો. આનાથી તેને બાળકોને પ્રામાણિકતા કેટલી મહાન વસ્તુ છે એ શીખવવાનો સારો અવસર મળી ગયો.

■